# પ્રેમજીભાઈનાં સ્મરણચિત્રો | ભગીરથ બ્રહ્મભટ્ટ

**[ ॥ સ્મરણની ફૂલમાળા ॥ ॥ પરિચિત પાત્રોના સદ્‌ભાવનો પ્ર-ભાવ ॥** : છાયાલોક, પ્રેમજી પટેલ, પાર્શ્વ પ્રકાશન, મૂલ્ય રૂ. ૧૨૦/-]

(૧)

જીવન એ સારામાઠા અનુભવોનો સરવાળો છે. એમાંથી કેટલાક સુખદ અનુભવોને વાગોળવાનું દરેક માનવીને ગમે છે. રેખાચિત્રોનો સર્જક એ રીતે સુખદ સ્મૃતિ વાગોળે છે. અનુભવના હાર્દને સાચવી એ સ્મૃતિને શબ્દચિત્રથી આછી આકારે છે. એમાં સચ્ચાઈ હોવાને કારણે એ અસરકારક બને છે. ગુજરાતી સાહિત્યમાં એ પ્રકારે રેખાચિત્રો લખાયાં છે. માણસાઈના દીવા, નામરૂપ, નોખાં અનોખાં, થોડા નોખા જીવ, વ્યથાનાં વીતક, માટીનાં મનેખ, માનવતાના ભેરુ જેવા સંચયોની યાદી થઈ શકે. રેખાચિત્રનાં સ્વરૂપલક્ષણો ઉવેખીને અહીં કેટલીક છબીઓ ઝિલાઈ છે. હું આને સ્મરણચિત્રો કહું છું.

(૨)

એ પરંપરામાં પ્રેમજી પટેલકૃત રેખાચિત્રોનો સંચય ‘છાયાલોક’ આવે છે. પ્રસ્તુત સંચયમાં પોતાના પરિચયમાં આવેલા મધ્યમ સ્તરના માનવીઓમાં રહેલા સદ્‌ગુણોને ઉજાગર કરતાં શબ્દચિત્રો આપ્યાં છે. જેમાં પાત્રગત નિરૂપણો તથા મર્યાદાઓની વાત થઈ છે. સંચયમાં કુલ ૩૪ રેખાચિત્રો છે. એમાંનાં બાર અધ્યાપકોનાં, ત્રણ શિક્ષકોનાં અને ચાર-પાંચ પોતાના વતન-પરિવારનાં અને આઠ-દસ લેખકના લોકસાહિત્યની સામગ્રી મેળવવા નિમિત્તે પરિચિત થયેલાં પાત્રો છે. અહીં સ્ત્રીઓ પણ છે. અભણ છે. ભણેલા છે – અલગ અલગ સ્તરના માણસો છે. બાળકો પ્રત્યે અપાર પ્રેમ દાખવતી નવલમાએ લેખકનો હાથ ભલે ઉતારી નાખ્યો પરંતુ એક વીઘો જમીન દાનમાં આપી જે દિલગીરી બતાવી એમાં એમના વ્યક્તિત્વની ધજા ઊંચે ચઢી છે – પગની સપાટ પાંચ વરસ ચલાવતાં ‘‘બો’મા’ના વૈધવ્યને લેખકે સૂક્ષ્મ દૃષ્ટિથી ઉજાગર કરી આપ્યું છે. અહીં લેખકે પોતાનો પરિવાર, ગ્રામજનો, શિક્ષકો અને પ્રદેશનાં અન્ય – ગામોનાં પાત્રો સાથે પણ પરિચય કેળવ્યો છે.

‘લોકો લાખ બે લાખ દાનમાં આપે છે ત્યાં આપડો વીઘો તો હું વસ્યાતમાં !’, ‘દવાખાનું થાય તો લોકોના આશીરવાદ મલશે એ થોડું છ ભાઈ !’ જેવી ઉક્તિ બોલતાં નવલમા છે એક તરફ તો બીજી બાજુ ‘લલરી’ના પાત્ર દ્વારા ઝરણા જેવા વ્યક્તિત્વને પર્વતની જેમ થીજી જતું પણ બતાવ્યું છે. ચૌદ વર્ષના ખેતમજૂર – પોપટનો પશુપ્રેમ – બળદને ઘૂઘરા બાંધવાની ઘટના દ્વારા લેખકે બતાવ્યો છે. લેખકના જોડામાં પોપટ પગ નાખી શક્યો નથી. એનો લેખકને વસવસો છે. પણ વ્યંજના તો એમ વિસ્તરે છે કે લેખકની તુલનામાં એનું વ્યક્તિત્વ વધુ કર્તવ્યનિષ્ઠ હતું...

(૩)

લેખકને પોતાના વ્યવસાય (અધ્યાપન) નિમિત્તે જેમનો પરિચય થયો છે – એમાંય જેની સાથે સદ્‌ભાવ કેળવી શક્યા છે એ સદ્‌ભાવ પ્ર-ભાવ થઈને અહીં પ્રગટ થયો છે. અર્થશાસ્ત્રના સુજ્ઞ અધ્યાપક અમૃત સોનીની નાટ્યપ્રીતિ યેવલા બીડીના ધુમાડે ધુમાડે પ્રગટાવીને લેખકે નૈષ્ઠિક અધ્યાપકનું એક દૃષ્ટાંત આપ્યું છે –

‘અમૃત સોની તો મોડાસામાં હતા. ધીરુભાઈ ઠાકરસાહેબનાં નવરત્નોમાંનું એક રત્ન !’ આ વાત ભલે પેરેડીનો એક સંવાદ હોય પણ નગદ સત્ય બનીને રણકે છે. પ્રા. શેખનું રેખાચિત્ર હૃદયંગમ બન્યું છે. ફકીર જેવા અલગારી અધ્યાપક શ્રી શેખના રેખાચિત્રમાંથી ઊભી થતી બિનસાંપ્રદાયિક મનુષ્યની છબી નોંધપાત્ર છે. પુસ્તકોથી ઘેરાયેલા પ્રો. શેખ કોમી રમખાણોના સમયમાં પણ ડર્યા વગર કરફ્યૂમાં બહાર ફરે છે. તેમની કોમના માણસોને નવાઈ લાગે – એ તો કહે – ‘ખુદા કા બંદા હૂં.’ લેખકને લોકસાહિત્યાભિમુખ થવાની પ્રેરણા તેમની પાસેથી મળે છે. પાનના રસિયા મહેન્દ્ર અમીન માનવતાનો કાચ ફૂટે નહિ એનું ધ્યાન રાખીને પરદેશમાં નિવાસ કરે છે. વિદ્યાર્થી સાથે આત્મીયતા કેળવનાર પ્રા. કિશોરસિંહ સોલંકીના વ્યક્તિત્વની રેખાઓ, ઉમાશંકરનો યથોચિત મહિમા કરતા અને અબુધ ગ્રામજનોને સમજાવતા સંવેદનશીલ અધ્યાપક પ્રાગજીભાઈનું હૂબહૂ ચિત્ર પ્રેમજીભાઈ આપે છે. મોહનલાલ પટેલ જેવા વરિષ્ઠ શિક્ષકમાં રહેલી નમ્રતા અને શક્તિશાળી નવોદિતોને પ્રોત્સાહિત કરવાની તત્પરતાનાં દર્શન થાય છે. પ્રતાપસિંહજી જેવા ઓલિયા માણસની વાત. ઉછીના પૈસા આપીને, ઘર ભેળાવતો અધ્યાપક પરિવારનો ઠપકો સાંભળે – પણ અન્યને સહાયરૂપ થવાની સંવેદનાને સાચવે. આગળ જતાં પ્રતાપસિંહ સોલંકી પાસેથી બોધ મેળવતા લેખક પ્રિ. પી. કે. મહેતાસાહેબથી બોઝિલ જિંદગીને હળવાશથી લેતાં શીખે છે. પરાજિત પટેલ જેવા સર્જક પાસેથી સમસંવેદનનો પાઠ શીખે છે. મોતીભાઈ પટેલ જેવા શિક્ષણશાસ્ત્રી પાસેથી સક્રિયતાનો, હૂંફનો અને પ્રગતિનો પાઠ ભણે છે. પ્રા. સુરેશ શેલત પાસેથી ગુપ્તદાનનો મહિમા કરતાં શીખે છે. આ તમામ અધ્યાપકોનાં શબ્દચિત્રો લાઘવના ગુણથી આલેખાયાં છે. ‘મથામણ’માં કવિ પ્રતાપસિંહ રાઠોડ વિદ્યાર્થીપ્રિય આચાર્ય છગનભાઈ પટેલને નાનકડા પ્રસંગો દ્વારા આલેખવામાં લેખક સફળ રહ્યા છે.

અહીં સમસ્યાઓમાં ઘેરાયેલાં નૂરીબહેન મુસ્લિમ પરિવારમાં છે – પતિ અને પુત્રોથી ત્રસ્ત... કોમી દાવાનાળમાં પણ એ સાચા અર્થમાં પોતીકી ભાવનાથી હિંદુઓની સાથે જ રહ્યાં. ડર્યા વિના આખરે જમાઈ તેમને તેડી ગયો ત્યારે પણ ગામની પ્રીતિ ઓછી થતી નથી. નૂરીબહેન ભલે અભણ રહ્યાં પણ એમની ભાવના અનન્ય હતી ! અભણ નવલમાની ઉદારતા, મણિબાની પિયર-પ્રીતિ, સાસુ-વહુના વિસંવાદો વચ્ચે પણ કડવાશ વગર સક્રિયતાથી જીવે. રૂખીબહેનનું પાત્ર એક વૃદ્ધાનું છે. તેમની પાસેથી લોકવાર્તાઓ લેખક મેળવે છે. ગંગાબહેન પટેલ, હીરાબહેન પરમાર જેવાં પાત્રો સ્ત્રીપાત્રો છે – તેમનાં ચિત્રો લાઘવપૂર્ણ બન્યાં છે. સેવા કરનાર બાબુસિંહનું ચિત્ર પણ અનન્ય બન્યું છે. અહીં તમામ સ્તરનાં પાત્રોમાં કંઈક ને કંઈક વિશેષતા છે. જે લેખકે નોંધી છે.

(૪)

લેખકની નિરૂપણરીતિની વિશેષતાઓ નિહાળીએ. ખૂબ ઓછા શબ્દોમાં ચિત્રો કંડારે છે.

પ્રો. શેખનું ચિત્ર જુઓ –

- ‘પહોળી છાતી, બંડી અને તે ઉપર એવી જ પહોળી દાઢી. દાઢીમાં પાનનો છાંટો વાળ ઉપર લાંબો પથરાઈ ગયેલો. મૂછો સફાસટ્ટ – મુસ્લિમ કટ દાઢી. વિશાળ ભાલ. માથે મુસલમાની ટોપી.’
- પીળી ઓઢણી, ગુલાબી કબ્જો અને લીલી ઘાઘરી પહેરવાની રોજની ટેવ. હું એને દૂરથી

ઓળખી કાઢું લલરીને (પૃ. ૨૫)

- બા – મણિબા – 'અમારા સમામાં આદમી – બૈરુ પચ્ચા વરસનાં હોય તોય ગોંમ વચી છેટાં છેટાં હેંડે... આવું ચોંટીને...

લેખકની વિનોદવૃત્તિનો પરિચય કરાવતાં વિધાનો પણ મળે છે.

## સાહિત્યિક સંદર્ભો

હૃદયંગમ મિત્રોની સાથે લેખકની શૈલીમાંથી નોંધપાત્ર ઉક્તિઓ જુઓ,

(૧) લલરીના વિધવા થવાથી લેખક લખે છે – 'મારા પર હિમ પડ્યું.

(૨) ખાધા પછી રિસાજે પાછો એમ કહી રીહ ઓલવી કાઢે. (પૃ. ૧૧૯)

(૩) ગાંસડી ફસકાય એમ હસી પડ્યા. (પૃ. ૧૧૧)

(૪) ફુગામાં બહુ હવા ભરો તો ફુગ્ગાની શી ગત થાય ? (પૃ. ૧૧૩)

'છાયાલોક' વાંચતાં તેના લેખકને થયેલા પરિવારનો, ગ્રામજનો, શિક્ષકો, પ્રદેશના ગ્રામજનોનો પરિચય કેળવ્યો છે. લેખકની શૈશવ, કિશોર અને યુવાવસ્થામાં જેમનો પરિચય થયો છે તેનો ચિતાર મળે છે.

સમગ્ર સંગ્રહમાંથી પસાર થતાં ઉત્તર ગુજરાતના માહોલ પ્રત્યક્ષ થાય છે. એના સંવાદો બોલીમાં રજૂ થયા છે. મકાનનાં વર્ણનો, એની વગેરેની વાત, ગામડામાં શહેરનો પ્રવેશ, લોકવાર્તા વગેરે વિગતો સમાજશાસ્ત્રની દૃષ્ટિએ જોઈએ તો એમાં ઉત્તર ગુજરાતને પ્રત્યક્ષ કરી શકાય. તમામ પાત્રો સંવેદનાસભર છે. આથમતા સૂરજનાં અજવાળાં છે. બધાં પાત્રો મોટેભાગે વયસ્ક પાત્રો છે. પોપટને બાદ કરતાં કોઈ બાળકનું પાત્ર નથી. નાના માણસની મોટાઈ અથવા સારપને પ્રગટાવતાં આ ગુણગ્રાહી સ્મરણચિત્રોને ગુણોનો ગુલદસ્તો ન કહેતાં, સ્મરણની ફૂલમાળા કહીને આવકારીએ.